જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૬/૧૨/૨૦૧૭ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૫૯૪/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ૩૫ કેસ કરી, ૩૩ વ્યક્તિઓને ઝડપી, ૧૨૩ લીટર દેશી દારૂ, ૩૧૯ બોટલ ઇંગ્લીશ દારૂ અને ૨૯૨ ક્વૉટર ઇંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી, ૦૪ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૧૨,૮૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૫૯૫/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૭૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ હેઠળ ૦૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડી અને વિશ્વાસઘાત :- સમાચાર યાદી નં.૨૫૯૬/૧૭**

**આનંદનગર :** જગ્ગા રાજુ ડાટલા (ઉ.વ.૪૨)(રહે,પ્લોટ નં-૩૫૧-એએલએસ નંબર-૧૭૯ મેઘપર બેરીચી, અંજાર, કચ્છ) એ તા.૨૫/૧૨/૧૭ નારોજ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૫/૧૨/૧૭ થી તા.૨૫/૧૨/૧૭ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) અનમોલસિંગ પરમીન્દર જગ્ગી (ડાયરેકટર જેનસોલ એન્જીનીયર કંપની પ્રા.લી.)(પ્લેડીયમ બીલ્ડીગ, કોર્પોરેટ રોડ, પ્રહલાદનગર) (૨)નિલય ગાંધી (મેનેજર લીગલ એન્ડ.સી.એસ,જેનસોલ એન્જીનીયર કંપની પ્રા.લી.) (૩) પ્રતિક જીતેન્દ્ર ગોસાઇ (રહે,મુ-જેતપુર, બંગલા નં-૧૫૧ ક્રિષ્ણાપાર્ક, જુનાગઢ રોડ, જીલ્લા.રાજકોટ) તથા જેનસોલ એન્જીનીયર કંપની પ્રા.લી.નાં બીજા માણસો ભેગામળી પ્રહલાદનગર કોર્પોરેટ રોડ પીનાકીલ બીઝનેશ પાર્ક ફસ્ટ ફલોર ખાતે આવેલ જેનસોલ એન્જીની.કંપની પ્રા.લી. ખાતે જગ્ગા ડાટલાની કંપનીમાં આરોપીઓનો હિસ્સો ના હોવા છતા, ખોટા દસ્તાવેજો બનાવી તેનો દુરપયોગ કરી, ગ્રાઉન્ડ માઉન્ટેડ સોલર એરેક્શન વર્કસનું મટીરીયલ્સ અને લેબરનાં સાથેના કામના જેન્સલ એન્જીનીયરીંગ પ્રા.લી. પાસેથી લેવાના નિકળતા અંદાજે રૂપિયા ૧,૨૦,૦૦,૦૦૦/- નાણાં ના ચુકવવા પડે તે સારૂ જગ્ગા ડાટલા નાઓ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.કે.બાંગા ચલાવે છે.

**ઘરફોડ ચોરી :-** **સમાચાર યાદી નં.૨૫૯૭/૧૭**

**ચાંદખેડા :** વિનોદકુમાર દિવાકરદત્ત પાંડે (ઉ.વ.૬૦)(રહે,સન રેસીડેન્સી કોટેશ્વરરોડ મોટેરા શાક માર્કેટ પાછળ મોટેરા) એ તા.૨૫/૧૨/૧૭ નારોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૫/૧૨/૧૭ રાતના ૮/૩૦ થી તા.૨૪/૧૨/૧૭ રાતના ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના મુખ્ય દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના તથા રોકડ રકમ મળી કુલ રૂપિયા ૩,૩૭,૦૦૦/-મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.સી.પટેલ ચલાવે છે.

**મણીનગર :** જીગર નવીનચંદ્ર ઠાકર (ઉ.વ.૪૧)(રહે,વસંતનગર સોસાયટી, ભૈરવનાથ, મણિનગર) એ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૪/૧૨/૧૭ રાતના ૮/૪૫ થી તા.૨૫/૧૨/૧૭ સવારના ૭/૩૦ વાગ્યા દરમ્યાન મણિનગર વસંતનગર સોસાયટીમાં આવેલ રાજ એપ્લાયન્સીસ તથા આદિત્ય કોર્પોરેશનના નામના શો-રૂમના શટરના તાળા તોડી, અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, અલગ-અલગ કંપનીની LED ટી.વી. તથા સર્વર તથા ડી.વી.આર. મળી કુલ રૂપિયા ૩,૯૫,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પોઇ.શ્રી વી.બી.બારડ ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૨૫૯૮/૧૭**

**વસ્ત્રાપુર :** ગૌતમભાઇ સુનીલકુમાર શર્મા (ઉ.વ.૩૨)(રહે,પંચશીલ પાર્ક ન્યુ દિલ્હી) એ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૨/૧૨/૧૭ બપોરના ૧/૦૦ થી ૨/૦૦ વાગ્યા દરમ્યાન વસ્ત્રાપુર જીએમડીસી ગ્રાઉન્ડમાં ચાલતા આયુર્વેદીક પર્વના સ્ટોલ નંબર ડી/૧ પાસેથી કોઇ અજાણી વ્યક્તિ ગૌતમભાઇનું એપલ કંપનીનું લેપટોપ, એપલ કંપનીનો આઇફોન, પાસપોર્ટ, પાનકાર્ડ અને યુ.એસ.એ.નું ગ્રીનકાર્ડ તથા પરચુરણ ચીજવસ્તુઓભરેલ બેગ કુલ કિંમત રૂપીયા ૪૫,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી વિક્રમસિંહ ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૨૫૯૯/૧૭**

**રીવરફ્રન્ટ વેસ્ટ (૧):** નરેશભાઇ મોહનભાઇ વાણીયા (ઉ.વ.૪૧)(રહે,દિલ્લીવાળી ચાલી ડી કોલોની સામે નરોડા રોડ શહેરકોટડા) એ કોઇ અગમ્ય કારણસર તા.૨૫/૧૨/૧૭ ના કલાક ૧૨/૩૫ વાગ્યા પહેલા કોઇપણ સમયે સાબરમતી નદીના પશ્ચીમ ભાગે બાટા શો-રૂમ ની પાછળ રિવરફ્રંટ વોક-વે પગથીયાં નં-૩૧ ની ઘાટ નંબર-૦૬ ખાતે નદીમાં કુદી ડુબી જઇ આત્મહત્યા કરી લીધી છે. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જગદીશચંદ્ર આત્મારામ ચલાવે છે.

**રીવરફ્રન્ટ વેસ્ટ (૨):** દિપકભાઇ રામચન્દ્ર કામ્બલે(મરાઠી) (ઉ.વ.૪૬)(રહે,ગરીબ આવાસ યોજના વટવા) એ કોઇ અગમ્ય કારણસર તા.૨૫/૧૨/૧૭ બપોરના ૧/૩૫ વાગ્યા પહેલા કોઇપણ સમયે સાબરમતી નદીના પૂર્વ ભાગે નહેરૂબ્રીજ પાસે લેમન ટ્રી હોટેલની પાછળ રિવરફ્રંટ વોક-વે પગથીયાં ખાતે નદીમાં કુદી ડુબી જઇ આત્મહત્યા કરી લીધી છે. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જગદીશચંદ્ર આત્મારામ ચલાવે છે.

**નવા વાડજ :** જ્યોતિબેન જ્યંતિલાલ વાઢેર (ઉ.વ.૩૨)(રહે,કૃષ્ણનગર સોસાયટી, નવા વાડજ) એ કોઇ અગમ્ય કારણસર તા.૨૫/૧૨/૧૭ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી છે. આ અંગે નવા વાડજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.પી.પરમાર ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.